| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નોંધણી તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | **૧૦/૦૩/૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**૫માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, મહેસાણાની કોર્ટ સમક્ષ, મુ.મહેસાણા.**

ફોજદારી પ.અરજી નં. ૨૫૨/૨૦૨૬

આંક :-૮

૧. **મિતેશકુમાર હરીરામદાસ સાધુ,** **...અરજદાર**
ઉ.વ.આ.૨૬, ધંધો.જોબ વર્ક ટાઈપીંગ
રહે.પટેલવાસ જયદેવપુરા ગામ,
કડી, તા.કડી,
જી. મહેસાણા.

**વિરૂધ્ધ**

(૧) **ધી સ્ટેટ ઓફ ગુજરાત.** **...સામાવાળા**

*બાબત ::* *ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.*

| | |
|---|---|
| **કડી પોલીસ સ્ટેશન ગુના રજી.નં.** | **૧૧૨૦૬૦૨૦૨૬૦૧૧૬ /૨૦૨૬** |
| **ગુનો :** | **બી.એન.એસ.ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૨), ૩૧૮(૪), ૩૧૯, ૩૩૬(૨), ૩૪૦, ૩૫૧(૨), ૬૧(૨),૧૭૮, ૧૮૦, ૩૪૧,૩૪૨ મુજબ** |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | :- | વિ.વકીલશ્રી **બી.એસ.પંચાલ/ કે.ડી.વાઘેલા** |
| સામાવાળા તરફે | :- | વિ.એ.પી.પી.શ્રી **એ.એસ.મકવાણા** |

## -: જ જ મે ન્ટ :-

**(૧)** અરજદારની અરજી એવી છે કે, કડી પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧ ૨૦૬૦૨૦૨૬૦૧૧૬/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ- **૩૧૬(૨), ૩૧૮(૨), ૩૧૮(૪), ૩૧૯, ૩૩૬(૨), ૩૪૦, ૩૫૧(૨), ૬૧(૨),૧૭૮,૧૮૦,૩૪૧,૩૪૨** મુજબનો ગુનો દાખલ થયેલ છે. તે ગુન્હાના કામે પોતાની ખોટી રીતે ધરપકડ થાય તેવી દહેશત હોય, જેથી હાલની આગોતરા જામીન અરજી કરવામાં આવેલ છે.

**૧.૧)** અરજદાર/આરોપીએ તેમની અરજી સાથે લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

૧. માર્ક-૪/૧ થી કડી પોલીસ સ્ટેશનની ફરિયાદની કોપી

૨. માર્ક-૪/૨ થી અરજદારના ભાઇની એડવોકેટની લગતા પેપરોની કોપી

૩. માર્ક-૪/૩ થી અરજદારના ભાઇની આધાકાર્ડની કોપી.

૪. માર્ક-૪/૪ થી આરોપી ફાલ્ગુનીબેનની જામીન અરજી રીજેકટનો હુકમ

**(૨)** અરજદાર/આરોપીની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતાં તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે, તપાસના કાગળો રજુ કરેલ છે.

**એફ.આઇ.આર.ની હકીકત** :–

(૩) અરજદાર/આરોપી સામેના કેસની એફ.આઇ.આર.ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ નિલેશ પ્રજાપતિ તથા કાજલ પ્રજાપતિ પાસેથી રૂ.૬,૦૦,૦૦૦/– લેવાના હોય અને તે માટે વિ.વ.શ્રીની જરૂર હોય તેની શોધમાં હતા તે વખતે કડી જકાતનાકા પાસે નર્મદા કોમ્પલેક્ષ, ગોકુલ ડેરીની બાજુમાં વકીલની ઓફીસ જોયેલ જેની ઉપર એ.આર.રાવલ એડવોકેટ હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ અને ઈન્ટરનેશનલ કેસ લડનાર તથા તેની શાખાઓ રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, અમદાવાદ, ગાંધીનગર, કલોલ, કડી વિગેરે જગ્યાએ હોવાનું છાપેલું. તેને મળવાનું નક્કી કરી ફરિયાદી અને તેના પત્ની તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ તે વકીલની ઓફીસ ઉપર ગયેલા. ત્યાં એક સ્ત્રી અને એક પુરૂષ વકીલના ડ્રેસમાં હાજર હતા. જેમાં પુરૂષનું નામ અવિનાશ રાવલ હાઈકોર્ટ એડવોકેટ જણાવેલુ અને બાજુમાં બેસેલ સ્ત્રીનું નામ ફાલ્ગુની રાવલ સુપ્રીમ કોર્ટ એડવોકેટ જણાવેલ હતું. ફરિયાદીએ તેના પૈસા લેવા અંગે વાત કરેલ જેથી આ બંનેએ ફરિયાદીને જણાવેલ કે, જો તેનો કેસ પોલીસમાં આપે તો નિલેશ પ્રજાપતિના પત્ની ફરિયાદી ઉપર બળાત્કારનો સામો કેસ કરશે અને ૨૦ વર્ષની સજા થશે. પોતાને હાલ આક લાખ રૂપિયા આપો તેને મહેસાણા અને કડીમાં પોલીસમાં બહુ ઓળખાણ છે એટલે કે, સેટીંગ કરી ફરિયાદીના પૈસા કઢાવી લેશે અને ખોટો કેસ નહી થવા દે. આથી ફરિયાદીએ તેના ઘરે જઈ રૂ.૭૨,૦૦૦/– રોકડા લાવી આપેલા અને બીજા દિવસે રૂ.૨૦,૦૦૦/– તેઓની ઓફીસ જઈ આપેલ હતા. ત્યારબાદ આરોપીઓએ તેમના નામે કેટલીક અરજીઓ બનાવેલ હતી અને તેમાં પોતાની રીતે વિગતો લખેલ હતી અને ફરિયાદીની સહી લીધેલ હતી. ત્યાદબાદ પોસ્ટ મારફત કડી પોલીસ સ્ટેશન અને બીજી કચેરીઓમાં આ અરજીઓ મોકલેલ હતી. બાદમાં ફરિયાદીને પોલીસ સ્ટેશનથી આ અરજીઓના નિવેદન માટે ફોન આવેલો અને રૂબરૂ પણ પોલીસ ફરિયાદીના ઘરે નિવેદન લેવા આવેલ

હતી. આરોપી અવિનાશે ફરિયાદીને કહેલ કે, તેને કોઈ જગ્યાએ સહી કરવાની નથી અને જો કરશે તો અરજીઓ રદ થઈ જશે અને તેઓના ઉપર બળાત્કારની ફરિયાદ થશે. ત્યાદબાદ બંને આરોપીઓ સતત ફરિયાદીને ફોન કરીને પોલીસમાં પૈસા આપવાના છે અને ગાંધીનગરમાં પૈસા આપવાના છે તેમ કહી પૈસા માટે ડરાવતા હતા. જેથી ફરિયાદીએ તેના પિતા પાસેથી રૂ.૫૦,૦૦૦/- લઈ તા.૦૮/૧૨/૨૦૨૫ ના આરોપી અવિનાશને તેની ઓફીસે આપેલા. બાદમાં આરોપી અવિનાશે તેઓને ડરાવેલ કે, સામાવાળાએ તેઓની ઉપર દિલ્હી અને અમદાવાદમાં બળાત્કારની ફરિયાદ કરેલી છે માટે ત્યાં પૈસા આપવા પડશે નહીંતર ફરિયાદીએ ૨૦ વર્ષ જેલમાં જવું પડશે. આથી ફરિયાદીએ તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ તેના ધંધાના રૂ.૫૦,૦૦૦/- અને તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ તેના પિતાજીના ખાતામાંથી રૂ.૫૦,૦૦૦/- ઉપાડી તથા તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ફરિયાદીની પત્નીના ખાતામાંથી રૂ.૫૦,૦૦૦/- ઉપાડી આરોપી અવિનાશ તથા તેના પત્નીને ઓફીસે આપેલ હતા. ત્યારબાદ પણ આરોપી અવિનાશ ફરિયાદીને કહેતો હતો કે, તેઓની ઉપર એટલે કે ફરિયાદી ઉપર લીમડી પો.સ્ટે. અને કલોલ પો.સ્ટે. માં પણ ફરિયાદ થયેલી છે એટલે તેઓએ ત્યાં પૈસા આપવા પડશે નહીંતર ગમે ત્યારે ધરપકડ થશે. આથી ફરિયાદીએ ડરી જઈ ટુકડે-ટુકડે બીજા રૂ.૩૫,૦૦૦/- આરોપીને આપેલા અને તે રીતે રૂ.૩,૨૭,૦૦૦/- આપેલા. આમછતાં, આરોપી અવિનાશે ફરિયાદીને તેના પત્નીને ધમકીઓ આપી ખોટી નોટીસ અને અરજીઓ તૈયાર કરી બીજા સાડા ત્રણ લાખની માંગણી કરેલી. ફરિયાદી પાસે પૈસા ન હોય તેથી તેના ભાઈ બળદેવજી અને તેમના પત્ની લક્ષ્મીબેનને વાત કરેલી જેથી તેઓ આરોપીની ઓફીસે ગયેલા, પરંતુ ત્યાં તાળું મારીને જતા રહેલ હતા. ત્યારબાદ તેઓએ તપાસ કરતા કડીથી અમદાવાદમાં અવિનાશ રાવલ નામનો કોઈ વકીલ નથી અને ખોટી રીતે વકીલની ઓફીસ ખોલી વ્યવસાય કરે છે

તેવું જાણવા મળેલ. તેનું ખરુ નામ **મિતેશ હરીરામ સાધુ** રહે.સુજાતારોડ, કડી હોવાનું તેમજ તેની પત્ની પાસે પણ કોઈ વકીલાતની કોઈ સનદ નથી માત્ર ઠગાઈ કરવા વકીલ તરીકે ઓળખાણ આપેલ હતી. જેથી તે બાબતે પોલીસમાં ફરિયાદ આપેલી.

**અરજી હકીકત તથા અરજદાર તરફે રજુઆતો :-**

(૪) અરજદાર તરફે તેઓની અરજીમાં તથા તેમના વિ.વ.શ્રીએ ફરીયાદ હકીકત વંચાણે લઇ, અરજી મુજબની દલીલો કરેલ છે. તેઓની અરજીમાં ફરિયાદ હકીકત જણાવી વધુમાં જણાવેલ છે કે, અરજદારને ખોટી રીતે ફસાવામાં આવી રહયા છે. સદર ફરિયાદ તારીખ ૦૧-૦૨-૨૦૨૬ છે. જયારે ગુનો બન્યા તારીખ ૨૨-૧૧-૨૦૨૫ થી ૦૧-૦૨-૨૦૨૬ નો બતાવેલ છે, જે કરીયાદ ડિલેનું કારણ બતાવેલ નથી. સદર ફરીયાદમાં નાસ્તાની લોજ ધરાવતાં નિલેશભાઈ પ્રજાપતિ તથા તેમની પત્ની કાજલબેન પ્રજાપતિ પાસે રૂપિયા ૬,00,000/- લેવાના હોય તેના માટે વકીલની મદદ જોઈતી હતી પરંતુ ફરીયાદીએ રૂપિયા ૬,00,000/- લેવા માટે ફરીયાદીએ રૂપિયા ૩,૨૭,૦૦૦/- વકીલને રોકડા ચુકવેલ છે અને કોઇ પણ જાતની રીસીપ કે બેંકનું ટ્રન્સફર આપેલ રકમની વિગત જણાવેલ નથી પરંતુ તેમની ફરીયાદની અરજી સાથે કોઇ પણ પેપર પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ હોય તેની વિગત જણાવેલ નથી. અરજદારે ફરીયાદીને નિલેષ તથા કાજલ પ્રજાપતિ પાસે રૂપિયા ૬,00,000/- છ લાખ લેવાના હતાં જે બાબતે તેઓએ તેમને અરજી કરી આપેલ અને જે બાબતે ફરીયાદી તથા તેઓ એ અરજદાર સાથે વાત થતી હતી અને તેમની રકમ બાબતે જુદા જુદા પોલીસ સ્ટેશન ખાતે તેઓ અરજદારે અરજી ટાઇપ કરી આપેલ અને જે લગતા સ્ટેટમેન્ટ પણ જેતે પોલીસ અધિકારીએ લીધેલ છે અને નિલેષ પ્રજાપતિ પાસેથી લેવાની રકમ રૂ. ૬,00,000 છ લાખ અને કહેવાતી રકમ રૂપિયા ૩,૨૭,૦૦૦,૦૦ ત્રણ લાખ સત્યાવીસ હજાર છે. તો ફરીયાદી છ

લાખ મેળવવા માટે અરજદારને બીજા ત્રણ લાખ સત્યાવીસ હજાર આપે તે હકીકત સમજાતિ નથી જે હીકકત નિલેષ પ્રજાપતિ અને કાજલ પ્રજાપતિ ના સ્ટેમેન્ટ ઉપર થી જાણી શકાય તેમ છે. સદર કામે પોલીસ અધિકારીએ બનાવટી નોટરીના સિક્કા ની કલમ ૧૭૮,૧૮૦,૩૪૧,૩૪૨નો ઉમેરો કરેલ છે. જેમાં નોટરી તેમને ત્યાં એફીડેવીટ એગ્રીમેન્ટ કરવા માટે વીઝટ કરતાં હતાં અને જેમના ચોપડામાં તેમના ડોક્યુમેન્ટમાં તેમની સહીઓ છે અને જેઓ જોબ ઉપર લાગતાં ત્યાર બાદથી નોટરી કરેલ નથી જેથી તપાસ અધિકારી પાસેની હકીકત ખોટી ઉપજાવી કાઢેલ છે. સદર ફરીયાદીએ હાલમાં તેમની સાથે છેતપિંડી થયેલ છે જેની ફરીયાદ પોતે હાજર રહી પોલીસ સ્ટેશનમાં આપેલ છે. તે વખતે તેમને કોઇ પણ વકીલની જરૂર પડેલ નથી અને સીધી છેતંપિડીની ફરીયાદ હાલના અરજદાર વિરૂધ્ધ આપેલ છે, જેથી ફરીયાદી પોતાની ફરીયાદમાં સાચી હકીકત છુપાવે છે અને ખોટી ફરીયાદ આપેલ છે. ફરિયાદી જયારે તહોમતદારને મળેલ ત્યારે રોકડા રુપિયા આપેલ છે જેમાં કામની કોઈપણ વાત કરેલ નથી. ફકત ડર બતાવેલ અને ડરીને પૈસા આપેલ છે. જે વાત ખરેખર ખોટી ઉપજાવેલ છે. આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ પતિ પત્ની થાય છે જયારે આરોપી નં. ૨ એલ. એલ. બી.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે અને તેમની પાસે એલ. એલ માટે ના અભ્યાસની માર્કશીટ પણ છે અને જુનીયર એડવોકેટ તરીકે કામ કરે છે અને કોઇ પણ કોર્ટમાં વી.પી. મુકેલ નથી, ફકત રેવેન્યુનું કામ તથા ડોકયુમેન્ટને લગતાં કામ કરતા હતા, જેથી ફરીયાદી ખોટી હકીકત ઉપજાવેલ છે. અરજદારનં.૧ ના બે ભાઇ હાલમાં એડવોકેટ બનેલ છે. અને તથા અરજદારનં.૧ નાએ ફરીયાદીની જમીનનું કામ કરેલ અને જે કામ પુર્ણ થયાં બાદ ફ્રી આપવાની વાત કરેલ જે આપવીના પડે તેમાટે ખોટી ફરીયાદ ઉભી કરેલ છે. પોલીસ અમલદારોએ આરોપીના ઘરનું લોક ગેરકાયદેસર રીતે તોડી મુદામાલ કબજે કરેલ છે અને તે માટે કોર્ટની કોઇ પરવાનગી લીધેલ નથી, અરજદારને લગતી તપાસ

પુર્ણ થયેલ છે, દસ્તાવેજો કબજે થયેલ છે, ખોટા સીકકા અને દસ્તાવેજો અંગે કલમો લગાડેલ છે પરંતુ નોટરીના દસ્તાવેજો ખરા છે, ફરિયાદી તથા પીઆઇ એક જ સોસાયટીમાં રહે છે અને મિત્રો છે તેથી અરજદારને ફસાવવા કાર્યવાહી કરેલ છે, અરજદારને સદર ગુનામાં સાંકળી શકાય તેવા એક પણ ભરોસોપાત્ર પ્રાઈમાફેસી પુરાવા ન હોવા છતાં ખોટીરીતે અરજદારની સંડોવણી સદરહું ગુનામાં કરી દેવામાં આવે તેવી અમોને પાકી ખાત્રી હોઈ તેથી પણ આગોતરા જામીન પર મુક્ત કરવા મહે. કરશોજી. સદર કામે આરોપી નંબર ૨ ના એ સ્પે.આ કોર્ટ સમક્ષ ક્રી.પ.અ.નં. ૧૯૪–૨૦૨૬ થી આગોતરા જમીન અરજી દાખલ કરેલ જે ના.દાર કોર્ટએ તારીખ.૨૧–૦૨–૨૦૨૬ ના રોજ ના મંજુર કરેલ છે. અરજદાર કુટુંબ કબીલા વાળા વ્યકિત છીએ અરજદાર ઉપર તેમના માતા–પિતાની જવાબદારી રહેલ છે, અરજદાર અમદાવાદ કાયમી વસવાટ ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેવા નથી, જામીન ઉપર છોડવાથી ફરીયાદ પક્ષના કેસને કોઈ નુકશાન જાય તેમ નથી, તેમજ ફરિયાદ પક્ષના કેસ સાથે અરજદાર કોઈ ચેડા કરે તેમ નથી, અરજદારને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા મે. કરશોજી.

**<u>સામાવાળા તરફે સોગંદનામા હકીકત તથા વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો</u> :–**

(૫) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ ત.ક.અધિકારીના **આંક–૦૬** વાળા સોગંદનામા મુજબની લંબાણપૂર્વકની રજુઆત કરેલ છે, હાલના અરજદારનું નામ પ્રથમથી જ એફઆઈઆરમાં છે, તેઓ વકીલ તરીકે નોંધાયેલ ન હોવા છતાં પ્રેકટીસ કરે છે. તપાસ દરમ્યાન અરજદાર સામે પુરતા પુરાવા મળેલ છે, અરજદાર પાસે સનદ ન હોવા છતાં ખોટું નામ ધારણ કરેલછે, બંને આરોપીઓ પતિ પત્ની છે અને સાથે મળી ગુનાહિત કાવતરુ કરેલ છે, આરોપીઓએ વકીલ ન હોવા છતાં પોતાના નામના નકલી વીઝીટીંગ કાર્ડ, હેન્ડબેગ, કેલેન્ડર, રજીસ્ટરો

અને નેમપ્લેટ બનાવી છેતરપિંડી કરેલ છે. તપાસ દરમ્યાન અરજદારના ઘરેથી તેની ઓફીસમાંથી નોટરીના બનાવટી સીકકા મળેલ છે અને તે અંગે નોટરીએ સમર્થન કરેલ છે. તેની ઓફીસમાંથી પો.ઈન્સ. કડીના બનાવટી સીકકા તેમજ નોટરીનું રજીસ્ટર મળેલ છે. અરજદારે લોકોને છેતરવા વકીલાત કરતા હોવાનું ખોટું જાહેર કરેલ છે અને છેતરેલ છે. આ કામના ફરિયાદી સિવાય અન્ય ભોગ બનનારા છે . જેમાં સાહેદ રેખાબેન પટેલ પાસેથી રૂ.૭,૦૦,૦૦૦/-, સાહેદ દીલીપભાઈ પલાસ પાસેથી રૂ.૪,૮૦,૦૦૦/-, સાહેદ રીધમ દીપકભાઈ પાસેથી રૂ.૧,૬૦,૦૦૦/-, સાહેદ રણજીતજી પરમાર પાસેથી રૂ.૩૦,૦૦૦/-, સાહેદ રંજન બેન ઠાકોર પાસેથી રૂ.૬૬,૦૦,૦૦૦/- તેમ  મળી ફરિયાદીની રકમ ઉપરાંત બીજા રૂ.૭૯,૭૦,૦૦૦/-ની રકમની છેતરપિંડી કરેલ છે તેવું તે સાહેદોના નિવેદનમાં જાહેર થયેલ છે. હાલના અરજદાર સામે અગાઉ નંદાસણ પો.સ્ટે.માં ગુ.ર.નં. ૬/૧૫ થી ઈ.પી.કો.ક. ૩૬૩,૩૭૬ તથા પોકસો એકટની કલમ અન્વયેનો ગુનો નોંધાયેલ ત્યારે પાંચ વર્ષ સુધી નાસ્તા ફરતા રહેલ છે જેથી જામીન આપવાથી આ કામે પણ હાજર રહેશે નહી. આગોતરા જામીન આપવાથી તપાસમાં અડચણ થાય તેમ છે તેમ જણાવી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) આ કામે હાલની અરજી ના નિર્ણય સમયે એ નોંધવુ જરુરી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ ના લક્ષમણ કરમણભાઈ ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૩)જી. એલ. આર. ૨૨૮૮ તથા નામદાર સુપ્રિમ કોર્ટના અફજલ ખાન ઉર્ફે બાબુ મુર્તુજાખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૩)જી એલ આર. ૨૨૮૩ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ જામીન અરજી ના તબક્કે  કેસના ગુણદોષની ઉંડાણપુર્વક ચર્ચા કરવાની રહેતી નથી.

(૭) **બી.એન.એસ.એકટની કલમ-૪૮૨/** ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૮ નો હેતું કોઈ વ્યકિતને ગેરકાયદેસર રીતે ગુન્હામાં સંડોવી કસ્ટડીમાં

મોકલવામાં ન આવે તે છે અને તે માટે નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. હાઈકોર્ટે જુદા જુદા ચુકાદામાં આપેલા માર્ગદર્શન ધ્યાનમાં લઈએ તો નીચે મુજબ છે.

૭.૧) નામ. સુપ્રિમ કોર્ટના **The State of Bihar & Anr. versus Amit Kumar @ Bacha rai reported in 2017 crimes (4) SC P.333 માં ઠરાવેલ છે કે**

12. Although there is no quarrel with respect to the legal propositions canvassed by the learned counsels, it should be noted that there is no straight jacket formula for consideration of grant of bail to an accused. It all depends upon the facts and circumstances of each case. The Government's interest in preventing crime by arrests is both legitimate and compelling. So also is the cherished right of personal liberty envisaged under Article 21 of the Constitution. Section 439 of The Code of Criminal Procedure, 1973, which is the bail provision, places responsibility upon the courts to uphold procedural fairness before a person's liberty is abridged. Although 'bail is the rule and jail is an exception' is well established in our jurisprudence, we have to measure competing forces present in facts and circumstances of each case before enlarging a person on bail.

14. We are also conscious that if any undeserving candidates are allowed to top exams by corrupt means, not only will the society be deprived of deserving candidates, but it will be unfair for those students who have honestly worked hard for one whole year and are ultimately disentitled to a good rank by fraudulent practices prevalent in those examinations. It is well settled that socio- economic offences constitute a class apart and need to be visited with a different approach in the matter of bail.[Nimmagadda Prasad Vs. CBI, 2013 7 (SCC)

466, Y. S. Jagan Mohan Reddy Vs. CBI, 2013 7 (SCC) 439. Usually socio-economic offence has deep rooted conspiracies affecting the moral fiber of the society and causing irreparable harm, needs to be considered seriously.

૭.૨) **તેમજ AIR. 1995 SC 1198 State of M.P. & Anr. Vs. Ram Kishna Balothia & Anr. માં ઠરાવેલ છે કે,**

"11. We find it difficult to accept the contention that Section 438 of the Code of Criminal Procedure is an integral part of Article 21. In the first place, there was no provision similar to Section 438 in the old Criminal Procedure Code.....Also anticipatory Bail cannot be granted as a matter of right. It is essentially a statutory right conferred long after the coming into force of the Constitution. It cannot be considered as an essential ingredient of Article 21 of the Constitution. And its non- application to a certain special category of offences cannot be considered as violation of Article 21."

૭.૩) તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **Sureshbhai Bharatsinh Thakur Vs. State of Gujarat, R/CRMA/8788/2020 dated 6/7/2020** ના ચુકાદામાં નીચે મુજબના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ ,

(1) P. Chiddambaram (supra),

(2) Adri Dharan Das Vs. State of W.B. (2005) 4 SCC 303,

(3) D. K. Ganesh Babu Vs. P.T.Manokaran (2007) 4 SCC 434,

(4) State of Maharashtra Vs. Mohd. Sajid Husain Mohd. S. Husain (2008) 1 SCC 213

(5) Union of India Vs. Padam Narain Aggarwal (2008) 13 SCC 305, માં ઠરાવેલ છે કે

“7. As a normal Rule, anticipatory bail applications are to be entertained in rare cases and the principle which has been laid down by the Apex Court in respect of exercise of the discretion under Section 438 of the Cr.P.C. is well propounded by now. As a result of this, keeping those principles inn mind, this Court is not inclined to consider the request of the present applicant.”

૭.૪) તેમજ નામ.સુપ્રિમ કોર્ટના **P. CHIDAMBARAM VS DIRECTORATE OF ENFORCEMENT** માં ઠરાવેલ છે કે,

67. Ordinarily, arrest is a part of procedure of the investigation to secure not only the presence of the accused but several other purposes. Power under Section 438 Cr.P.C. is an extraordinary power and the same has to be exercised sparingly. The privilege of the pre-arrest bail should be granted only in exceptional cases. The judicial discretion conferred upon the court has to be properly exercised after application of mind as to the nature and gravity of the accusation; possibility of applicant fleeing justice and other factors to decide whether it is a fit case for grant of anticipatory bail. Grant of anticipatory bail to some extent interferes in the sphere of investigation of an offence and hence, the court must be circumspect while exercising such power for grant of anticipatory bail. Anticipatory bail is not to be granted as a matter of rule and it has to be granted only when the court is convinced that exceptional circumstances exist to resort to that extraordinary remedy.

૭.૫) તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના **IN State Of Gujarat vs Jigneshkumar Maheshbhai Patel.** ના ચુકાદામાં ઠરાવે છે કે,

**Para 9.** This Court in Siddharam Satlingappa Mhetre (supra) after considering the earlier judgments of this Court laid down certain factors and parameters to be considered while considering application for anticipatory bail:

122. The following factors and parameters can be taken into consideration while dealing with the anticipatory bail:

i. The nature and gravity of the accusation and the exact role of the accused must be properly comprehended before arrest is made;

ii. The antecedents of the applicant including the fact as to whether the accused has previously undergone imprisonment on conviction by a Court in respect of any cognizable offence;

iii. The possibility of the applicant to flee from justice;

iv. The possibility of the accused's likelihood to repeat similar or the other offences.

v. Where the accusations have been made only with the object of injuring or humiliating the applicant by arresting him or her.

vi. Impact of grant of anticipatory bail particularly in cases of large magnitude affecting a very large number of people.

vii. The courts must evaluate the entire available material against the accused very carefully. The court must also clearly comprehend the exact role of the accused in the case. The cases in which accused is implicated with the help of sections 34 and 149 of the Indian Penal Code, the court should consider with even greater care and caution because over-implication in the cases is a matter of common knowledge and concern;

viii. While considering the prayer for grant of anticipatory bail, a balance has to be struck between two factors namely, no

prejudice should be caused to the free, fair and full investigation and there should be prevention of harassment, humiliation and unjustified detention of the accused; ix. The court to consider reasonable apprehension of tampering of the witness or apprehension of threat to the complainant;

x. Frivolity in prosecution should always be considered and it is only the element of genuineness that shall have to be considered in the matter of grant of bail and in the event of there being some doubt as to the genuineness of the prosecution, in the normal course of events, the accused is entitled to an order of bail."

**Para 10.** Thus, the antecedents of the applicant as well as the possibility of the accused, again indulging in the similar type of offences, are two prime considerations for the purpose of considering the plea for regular bail as well as anticipatory bail. When there are almost eight offences registered againstthe applicant under the Gujarat Prohibition Act at the different police stations, the same, by itself, is indicative of the fact that the accused is habitually indulging in such type of nefarious activities. There was no good reason for the court below to grant anticipatory bail to such a hubitual offender.It is a settled position of law that neither anticipatory bail nor regular bail can be granted as a matter of rule. The anticipatory bail, being an extraordinary privilege, should be granted only in exceptional cases. The judicial discretion conferred upon the court has to be properly exercised after proper application of mind to decide whether it is a fit case for grant of anticipatory bail.

(૮) ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં, દરેક કેસની હકીકત અને આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તથા આરોપીની સ્થીતી, આરોપીનો ભુતકાળ, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જામીન અરજીનો નિર્ણય ચુકાદાઓમાં દર્શાવેલ સિધ્ધાંતો ધ્યાને રાખી કરવાનો રહે છે.

હાલના કેસની હકીકત જોઇએ તો એફ.આઇ.આર. મુજબ અરજદાર તથા તેના પત્ની સામે ગુનો દાખલ થયેલ છે. પોલીસ તપાસ શરુઆતના તબકકે છે, ગંભીર પ્રકારના ગુનાની ફરિયાદ છે, તપાસ દરમ્યાન અરજદાર સામે પુરતા પુરાવા મળેલ છે. અરજદાર વકીલ તરીકે સનદ ધરાવતા નથી તે હકીકત છે. છતાં તેના પત્ની સાથે મળી લોકોને છેતરવા માટે ઓફીસ બહાર ખોટી નેઇમ પ્લેટ અને વિગતો લખેલ છે તે રીતે ફરિયાદી તથા અન્ય વ્યકતિની સાથે છેતરપિંડી કરેલ છે. અરજદારનું નામ સાધુ મિતેશ હરીરામદાસ છે પરંતુ તેના બદલે અવિનાશ રાવલ તેવું ખોટું નામ ધારણ કરેલ તે તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે. તપાસ દરમ્યાન તેની ઓફીસેથી નોટરી મનોજકુમાર કાંતિલાલ ઠાકોરના નામના સીકકા તથા રજીસ્ટર મળેલ છે જે પોતાનું ના હોવા અંગે મનોજકુમાર ઠાકોરે નિવેદન આપેલ છે. અરજદારની ઓફીસેથી પો.ઇન્સ.કલોલના નામના પણ ખોટા સીકકા મળેલ છે. એટલે કે તે રીતે પણ બનાવટ કરવામાં આવેલ છે. પોલીસે તપાસ દરમ્યાન જે મુદામાલ કબજે કરેલ તેમાં આરોપીના વીજીટીંગ કાર્ડ મળેલ છે. જેમાં અરજદારના પત્નીનું નામ ફાલ્ગુની એલ. રાવલ એડવોકેટ હાઇકોર્ટ અને અરજદાર નું નામ એ.આર.રાવલ એડવોકેટ સુપ્રિમકોર્ટની નેઇમ પ્લેટ મળેલ છે તેમજ તેઓના ઘરે ફાલ્ગુની રાવલ,એડવોકેટ સુપ્રિમકોર્ટની નેઇણ પ્લેટ લગાવેલ હતી તેને ફોટોગ્રાફ મેળવેલ છે. આ નામવાળા કેલેન્ડરો પણ વર્ષ – ૨૦૨૪ માં બનાવેલ છે. તેમજ હાલના અરજદારના પત્ની ફાલ્ગુની બેન એલ. રાવલ એડવોક્ટ હાઇકોર્ટની હેન્ડબેગ પણ પોલીસ તપાસ દરમ્યાન મળેલ છે. જેથી અરજદાર સામે મજબુત

પ્રાયમાફેસી કેસ હોવાના પુરાવા અત્યાર સુધી પોલીસ તપાસમાં મળેલ છે એટલે કે અરજદારને ખોટી રીતે સંડોવતા હોય તેવું માનવાને કારણ નથી.

પોલીસ તપાસ દરમ્યાન લેવામાં આવેલ સાહેદના નિવેદનો અને દસ્તાવેજી પુરાવા મુજબ હાલના અરજદાર તથા તેના પત્નીએ અન્ય વ્યકતિઓ જેમાં સાહેદ રેખાબેન પટેલ પાસેથી રૂ.૭,૦૦,૦૦૦/-, સાહેદ દીલીપભાઇ પલાસ પાસેથી રૂ.૪,૮૦,૦૦૦/-, સાહેદ રીધમ દીપકભાઇ પાસેથી રૂ.૧,૬૦,૦૦૦/-, સાહેદ રણજીતજી પરમાર પાસેથી રૂ.૩૦,૦૦૦/-, સાહેદ રંજન બેન ઠાકોર પાસેથી રૂ.૬૬,૦૦,૦૦૦/- તેમ મળી ફરિયાદીની રકમ ઉપરાંત બીજા રૂ.૭૯,૭૦,૦૦૦/-ની રકમની છેતરપિંડી કરેલ છે. આ સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના ક્રી.અપીલ કેસ નં.૧૦૩૭/૨૦૦૨ સ્ટેટ ઓફ પંજાબ વિ. રાજેશ ચાલના ચુકાદા મુજબ દરેક વ્યકતિ સાથેની છેતરપિંડી અને ઠગાઇનું કૃત્ય સ્વતંત્ર ગુનો છે. તે માટે અલગ કેસ થવો જોઇએ. દરેક ભોગ બનનાર ફરિયાદી ગણાય. તે જ રીતે નામ.સુપ્રિમ કોર્ટે નરીન્દરજીત સિંગ શાહની વિ. યુનિયન ઓફ ઇન્ડીય ક્રીમી. રીટ પીટીશન નં. ૨૪૫-૨૪૬/૨૦૦૦, તા.૧૨/૧૦/૨૦૨૧ના કેસમાં ઓબઝર્વ કરેલ છે કે, દરેક વ્યકતિ સાથેની છેતરપિંડી અને ઠગાઇ એ એક ટ્રાંજેકશન છે અને સ્વતંત્ર ગુનો છે. તે માટે અલગ એફ.આઇ.આર./ચાર્જશીટ/ફોજદારી કેસ થવો જોઇએ. હાલના કેસમાં આરોપી દ્રારા એક કરતા વધુ વ્યકતિને અલગ અલગ સમયે છેતર્યા હોય તેવું તપાસમાં જાહેર થયેલ છે અને તે તમામ એકજ વ્યવહાર કે ટ્રાંજેકશન નથી અને તે રીતે તમામ છેતરપિંડીઓનું કૃત્ય અલગ ગુનો ગણાય.

નામ.ગુજરાત હાઇકોર્ટના હરીશ અભેસિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરુર ન હોવા

માત્રથી આગોતરા જામીન આપી શકાય નહી. તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના શંકરદાન કેશુભાઈ લાંગા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ચુકાદા મુજબ સામાન્ય રીતે ધરપકડ એ ઈન્વેસ્ટીગેશનનો ભાગે છે, તે માત્ર હાજરી નિશ્ચીત કરવા માટે નહી પરંતુ તપાસમાં બીજા ઘણાં હેતુ માટે જરૂરી હોય છે, આગોતરા જામીનના પાવર્સ એકસ્ટ્રા ઓર્ડીનરી છે, તે યોગ્ય કેસમાં સાવચેતીપુર્વક વાપરવા જોઈએ. નામ.સુપ્રિમ કોર્ટે જયપ્રકાશસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર,એઆઈઆર ૨૦૧૨ સુકો ૧૬૭૬ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આગોતરા જામીન અપવાદરુપ સંજોગોમાં જ મંજુર કરવા જોઈએ કે જયારે કોર્ટને પ્રથમદર્શનિય જણાય કે અરજદારને ખોટી રીતે ગુનામાં સંડોવવામાં આવે છે. નામદાર સુપ્રિમ કોર્ટે સીરીયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફીસ વિ. આદિત્ય શારદા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટે જશીનકુમાર ભીખાભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ગંભીર આર્થિક ગુનાઓમાં આગોતરા જામીન સામાન્ય રીતે આપવા ન જોઈએ. હાલના કેસમાં આરોપીઓ દ્વારા વકીલાતના ઉમદા વ્યવ્સાય પ્રત્યે લોકોનો વિસ્વાસ ઘટે તેવું કૃત્ય કરી ગુનો કર્યાનો આરોપ છે અને પ્રથમદર્શનિય કેસ જણાય છે. હજુ પોલીસ તપાસ પ્રાથમિક તબકકે છે, આ કામે આરોપીઓએ મેળવેલ નાણાંનું શું થયું ? ખોટા દસ્તાવેજો અંગે તપાસ કરવી જરૂરી છે. આ માટે હાલના અરજદારની પોલીસ સાથે તપાસમાં હાજરી હોવી અને કસ્ટોડીયલ પુછપરછ કરવી પણ જરુરી બની શકે. અરજદારને ખોટી રીતે સંડોવવામાં આવતા હોય તેવું અત્યાર સુધીની તપાસના આધારે કહી શકાય તેમ છે. સમગ્ર બનાવ હકીકત ધ્યાને લેતાં તથા રજુઆતો ધ્યાને લેતાં, અરજદારને આગોતરા જામીન પર મુકત કરવા માટેની વિવેકાધીન સત્તા વાપરવી યોગ્ય જણાતું નથી, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

**૧.** અરજદાર/આરોપી **મિતેશકુમાર હરીરામદાસ સાધુ**ની હાલની ફો.પ.અ.નં.૨૫૨/૨૦૨૬ આગોતરા જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

**૨.** હાલની જામીન અરજીમાં કેસના ગુણદોષ અંગે કરવામાં આવેલ ચર્ચા તથા પુરાવા અંગેના તારણો માત્ર જામીન અરજીના નિર્ણય ઉપર પહોંચવા અંગેના છે. જેનાથી તપાસ કે કેસની ટ્રાયલને કોઇ અસર થશે નહી.

આ હુકમની જાણ સંલગ્ન પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ, આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૩/૨૦૨૬
સ્થળ : મહેસાણા.

*(P.A/ M.M.Farooqui)*

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
૫મા એડીશ્નલ સેશન્સ જજ
મહેસાણા.
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)